**CM Dashboard અંતર્ગત સબ નોડલ અધિકારી અને ગૃહ વિભાગના કો–ઓર્ડિનેટરની નિમણૂંક કરવા બાબત.**

**ગુજરાત સરકાર**
**ઠરાવ ક્રમાંક : આઈટી/૧૦/૨૦૧૮/૩૯/આઈટીસેલ**
**ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.**
**તા. 24 NOV 2025**

**વંચાણે લીધા:**

૧. અત્રેનો તા.૦૪/૦૫/૨૦૨૧નો સમાનાંકી ઠરાવ.
૨. અત્રેનો તા.૦૯/૧૦/૨૦૨૩નો સમાનાંકી ઠરાવ.
૩. અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તકનીકી સેવાઓ અને SCRB)નો તા.૧૭/૦૯/૨૦૨૫નો પત્ર ક્રમાંક:એસસીઆરબી/CM Dashboard/સબ નોડલ નિયુક્તિ/૧૪૭૩/૨૦૨૫

**ઠરાવ:**

માનનીય મુખ્યમંત્રીશ્રીના ડેશબોર્ડ માટે ગૃહ વિભાગની વિવિધ એપ્લિકેશન/મોડ્યુલના યોગ્ય અને સુવ્યવસ્થિત ડેટા નિયમિત ડેશબોર્ડ પર પ્રદર્શિત થાય તે માટે સબંધિત એપ્લિકેશન/મોડ્યુલના અલગ અલગ નોડલ, સબ–નોડલ અધિકારીશ્રીઓ અને ગૃહ વિભાગના કો–ઓર્ડિનેટરશ્રીની હોદ્દા જોગ નિમણૂંક અત્રેના સરખા ક્રમાંકના તા.૦૪/૦૫/૨૦૨૧ના ઠરાવથી કરવામાં આવેલ તેમજ તેમાં જરૂરી સુધારા વધારા સરખા ક્રમાંકના તા.૦૯/૧૦/૨૦૨૩ના ઠરાવથી કરવામાં આવેલ છે.

માનનીય મુખ્યમંત્રીશ્રી કાર્યાલય તરફથી CM Dashboard અંતર્ગત અમુક એપ્લીકેશન/મોડ્યુલના ડેટા સીએમ ડેશબોર્ડ ઉપર ઉમેરવા સુચના આપેલ છે જે ધ્યાને લઈ ૭ નવી સેવાઓ માટે નવા સભ્યોને સબ નોડલ અધિકારી તરીકે હોદ્દા જોગ નિમણૂક કરવા અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તકનીકી સેવાઓ અને SCRB)ની વંચાણે લીધા–૩ પરની દરખાસ્ત અન્વયે નીચે દર્શાવેલ ૭ નવી સેવાઓ માટે સબ નોડલ અધિકારીશ્રી અને ગૃહ વિભાગના કો–ઓર્ડિનેટરશ્રીની હોદ્દાજોગ નિમણૂક કરવામાં આવે છે.

| અ.નં. | સર્વીસનો પ્રકાર/સબ હેડ | CM Dashboard માટે ડેટા આપનાર સબ નોડલ અધિકારીશ્રી/વિભાગનું નામ | ગૃહ વિભાગના કો–ઓર્ડિનેટર |
|---|---|---|---|
| 1 | Women' s helpdesk details and SHE team details | પોલીસ મહાનિદેશકશ્રી,સી.આઈ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ,ગાંધીનગર | ઉપ સચિવશ્રી (ફરીયાદ/મા.અ.) |
| 2 | Suspended officers details | પોલીસ મહાનિરીક્ષકશ્રી(વહીવટ), પોલીસ ભવન, ગાંધીનગર. | ઉપ સચિવશ્રી (તપાસ) |
| 3 | Police Station feed review | પોલીસ મહાનિરીક્ષકશ્રી, એસ.સી.આર.બી,ગાંધીનગર. | ઉપ સચિવશ્રી (ફરીયાદ/મા.અ.) |
| 4 | Minor Acts | પોલીસ મહાનિરીક્ષકશ્રી, એસ.સી.આર.બી,ગાંધીનગર. | ઉપ સચિવશ્રી(ક.ગ) |
| 5 | ITSSO (Investigation Tracking System for Sexual offences) | પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઈ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ,ગાંધીનગર | ઉપ સચિવશ્રી (ફરીયાદ/મા.અ.) |

| | | | |
|---|---|---|---|
| 6 | Acquittal Rate | પોલીસ મહાનિરીક્ષકશ્રી,<br>એસ.સી.આર.બી,ગાંધીનગર. | ઉપ સચિવશ્રી<br>(ફરીયાદ/મા.અ.) |
| 7 | Conviction Rate | પોલીસ મહાનિરીક્ષકશ્રી,<br>એસ.સી.આર.બી,ગાંધીનગર. | ઉપ સચિવશ્રી<br>(ફરીયાદ/મા.અ.) |

જે તે વિષય માટે સબ નોડલ અધિકારીની નિમણૂક વિષયને ધ્યાને લઈને કરવામાં આવેલ હોવાથી અધિકારીની કક્ષા બદલાવાથી કોઈ ફેરફાર કરવાનો રહેશે નહિ.જે હોદ્દા મુજબ અધિકારી હશે તેઓએ કામગીરી સંભાળવાની રહેશે.

સબ નોડલ અધિકારીશ્રી અને ગૃહ વિભાગના કો-ઓર્ડિનેટરશ્રીનું કાર્યક્ષેત્ર સરખાક્રમાંકના તા.૦૪/૦૫/૨૦૨૧ના ઠરાવં મુજબ રહેશે તથા વંચાણે લીધા-૧ અને ૨ ની અન્ય તમામ બાબતો યથાવત રહેશે.

આ હુકમો અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ની સરખા ક્રમાંકની ફાઈલ પર તા.૨૧/૧૧/૨૦૨૫ની મળેલ અનુમતિને ધ્યાને લઈ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મયુરસિંહ વાઘેલા)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

O/c
24/11/25

નકલ સવિનય રવાના:

- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી,ગૃહ વિભાગ,ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશકશ્રી,સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ,ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી,તકનીકી સેવાઓ અને SCRB, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી(વહીવટ),પોલીસ ભવન, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી,એસ.સી.આર.બી,ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના ઉપ સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ-૧,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી,ગૃહ વિભાગ,ગાંધીનગર.
- વિભાગના સર્વે સંયુકત સચિવશ્રીઓ/નાયબ સચિવશ્રીઓ/ઉપ સચિવશ્રીઓ.
- સિલેક્ટ ફાઈલ.